RIGHT TO INFORMATION

અપીલ અરજી નં. ૫૭૬ તા.૧૩–૧–૧૨,
ફોન નં. ૦૨૬૧ ૨૪૨૩૭૫૧/૫૧૮

અરજદારઃ – શ્રી અજય એમ.શાહ
સામાવાળાઃ – કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન)

ફરીયાદની હકીકતઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી અજય એમ.શાહની તા.૧૫–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં.(૧) શહેર સુરતના મોજે વોર્ડ અઠવાના નોંધ નં.૨૧૭૩ થી નોંધાયેલ જમીન પર આવેલ ગુરુકૃપા કો.ઓ.સોસાયટીના બંગલા નં.૫/એ થી નોંધાયેલ મિલ્કતના ગ્રાઉન્ડ ફલોરના મંજુર પ્લાનની નકલ તથા મુદ્દા નં.૨ માં પ્રથમ માળના મંજુર થયેલ પ્લાનની નકલ આપવા બાબત.

સંદર્ભ :–અરજદાર મજકુરની અપીલ તા.૧૩–૧–૧૨ ની **SMC/FAP/** નં.૫૭૬/૨૦૧૧–૧૨

શ્રી અજય એમ.શાહની તા.૧૫–૧૧–૧૧ની અરજીથી મુદ્દા નં. (૧) શહેર સુરતના મોજે વોર્ડ અઠવાના નોંધ નં.૨૧૭૩ થી નોંધાયેલ જમીન પર આવેલ ગુરુકૃપા કો.ઓ.સોસાયટીના બંગલા નં.૫/એ થી નોંધાયેલ મિલ્કતના ગ્રાઉન્ડ ફલોરના મંજુર પ્લાનની નકલ આપો તથા મુદ્દા નં.૨ માં પ્રથમ માળના મંજુર થયેલ પ્લાનની નકલ આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી(અઠવાઝોન)ના પત્ર નં. સા.વે.ઝોન(અઠવા) / આરટીઆઈ/ આ. નં.૧૦૧૭ તા. ૧૪–૧૨–૧૧થી મળેલા પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૧૩–૧–૧૨ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ,આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ, આપવા જોગ પૂરક માહિતીની વિગતો, વિલંબ / વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા તથા **અપીલના મુદ્દા અંગે પણ તેમનો પક્ષ રજુ કરવા તથા માહિતીની દફતરી વિગતો ઉપલબ્ધ નથી તે અંગે નાશ–નિકાલની વિગતો પ્લાન મંજુરી, રજીસ્ટર કે ગેરકાયદેસર બાંધકામ કાર્યવાહી રજીસ્ટર પરથી હકીકત સ્પષ્ટ કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૨૭ તા.૧–૨–૧૨ થી** કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન) તથા અરજદારને ફી ભર્યાની વિગત જણાવેલ ન હોય તે રજૂ કરવા તથા તેમનો યોગ્ય ખુલાસો નથી તેવા દાવા અંગે આધાર સહ–મુદ્દાવાર રજુઆત કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૫૬૩ તા.૧૩–૨–૧૨ થી પૂરક વિગતોમાં નોંધ વિભાગ, અરજદારની મુળ અરજીની નકલ, ફી ભર્યાની વિગત, અરજદારને આપેલી માહિતી અંગે પત્ર નં.સા.વે.ઝોન / અઠવા/આરટીઆઈ/આ.નં.૧૦૧૭ તા.૧૪–૧૨–૧૧ ના પત્રની નકલ, અરજદારે તા.૧૩–૧–૧૨ ના રોજ કરેલ અપીલ અરજીની નકલ, અપીલ અરજી તબદીલ કર્યા અંગેના પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ.નં.૧૧૫૯ તા.૧૮–૧–૧૨ ના પત્રની નકલ અત્રે મળેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ પૂરક વિગતો અત્રે મળેલ નથી.

અરજદારની તા.૧૫–૧૧–૧૧ ની અરજીથી ઉપરોકત વિષયમાં નિર્દિષ્ટ બાબત હેઠળની મુદ્દા નં.૧ થી ૨ ની માહિતી માંગતી અરજી સેન્ટર મેનેજર, અઠવા સીટી સીવીક સેન્ટર, વિનાયક જરીવાલા તરણકુંડ, ચોપાટી પાસે અઠવાલાઈન્સને સંબોધતી સીવીક સેન્ટર અઠવાઝોન ખાતે કરવામાં આવેલ. જેના અનુંસંધાને જાહેર માહિતી અધિકારી અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/આ.નં.૧૦૧૭ તા.૧૪–૧૨–૧૧ થી નિયત સમય અવધિમાં અરજદારને માહિતી પૂરી પાડવામાં આવેલ. અરજદારે કલમ–૫(૨) હેઠળ મ. જાહેર માહિતી અધિકારીને અરજી રજૂ કરેલ હોઈ કલમ–૫(૨) હેઠળ અરજીનો નિકાલ ૭(૧) ધ્યાને લેતાં દિન–૩૫ માં જાહેર માહિતી અધિકારીએ કરવાનો રહે. જે અંગે અરજદારે તા.૧૩–૧–૧૨ ના રોજ અઠવાઝોન ખાતે અપીલ અરજી કરવામાં આવેલ. જે અઠવાઝોન તરફથી પત્ર નં.સા.વે.ઝોન/અઠવા/આરટીઆઈ/ આ.નં.૧૧૫૯ તા.૧૮–૧–૧૨ થી અત્રે તબદીલ કરવામાં આવેલ. અરજદારે અપીલ અરજીમાં ૧૬–૧૧–૧૧ ની માહિતી માંગતી અરજી બાબતે યોગ્ય ખુલાસો મળ્યો નથી તેવું જણાવી યોગ્ય કાર્યવાહી કરવા અપીલ અરજી કરવામાં

આવેલ. અપીલના સંદર્ભે અરજદાર પાસેથી અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૧૬૨૭ તા.૧–૨–૧૨ થી તેમનો યોગ્ય ખુલાસો નથી તેવા દાવા અંગે આધારસહ મુદ્દાવાર પક્ષ રજૂ કરવા જણાવવામાં આવેલ. પરંતુ અરજદાર તરફથી તે અંગે કોઈ પૂરક વિગતો રજૂ થયેલ નથી. જયારે જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારે માંગેલ વોર્ડ અઠવાના નોંધ નં.૨૧૭૩ ના બંગલા નં.૫/એ ગ્રા. ફલોર તથા પ્રથમ માળના પ્લાનની નકલ અઠવાઝોનના ઉપલબ્ધ રેકર્ડની ચકાસણી કરતાં માંગ્યા મુજબની માહિતી ન હોવાનું જણાવેલ છે. આમ અરજદારને આરટીઆઈ એકટની કલમ–૨(એફ) અને ૨(જે) હેઠળ માહિતી અને માહિતી અધિકારની વ્યાખ્યા અન્વયે જાહેર સત્તા મંડળ પાસેની અથવા નિયંત્રણ હેઠળની દફતરી ઉપલબ્ધ માહિતી પૂરી પાડવાની જોગવાઈ છે.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૫–૧૧–૧૧ ની અરજી માંગવામાં આવેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી માહિતી પૂરી પડાયેલ હોઈ અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈચ્છુક હોય તો જાહેર માહિતી અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી બાંધકામ મંજુરી રજીસ્ટર જેવા લાગત દફતરની તપાસણી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–૫ હેઠળ લાગુ કિસ્સામાં તપાસણી ફી ભરપાઈ કરી આપેલ માહિતિની ખરાઈ કરવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયેથી હુકમની અમલવારી કરવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી અઠવાઝોનને જણાવવામાં આવે છે.

(પી.જે.ઝાલા)
ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૩–૧૨

પ્રતિ,
(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (અઠવાઝોન), ...જાણ તથા અમલ માટે.
(૨) શ્રી અજય એમ.શાહ,